ગાંધીનગર સમાચાર

સાત વર્ષમાં પ્રથમ વખત ડિઝલના ભાવ ઘટશે

તીવ્ર મોંઘવારી વચ્ચે લોકોને મોટી રાહત થશેઃ ૧૫મીએ બેઠક : ડીઝલને અંકુશમુક્ત કરાશે

નવીદિલ્હી,તા.૯

સાત વર્ષમાં પ્રથમ વખત ડિઝલની કિંમતમાં ઘટાડો થવાનો સંકેત દેખાઈ રહ્યા છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત છેલ્લા એક વર્ષમાં પ્રથમ વખત ૧૦૦ ડોલર પ્રતિ બેરલથી ઓછી થઈ છે. આનાથી મોંઘવારીના મામલામાં પણ મોટી રાહત મળી શકે છે. મોનસુનમાં નબળી સ્થિતિના પરિણામ સ્વરુપે ખાદ્યાન્ન ફુગાવો સતત વધી રહ્યો છે. જો મોંઘવારી ઘટે છે તો રિઝર્વ બેંક માટે આગામી નાણાકીય પોલિસી સમીક્ષામાં વ્યાજદરમાં ઘટાડો કરવા માટેનો માર્ગ મોકળો થઈ શકે છે. આનાથી ઈકોનોમિ રિવકરી વધુ તેજ થઈ શકે છે. સરકાર ડિઝલને અંકુશમુક્ત કરવાની તૈયારી કરી રહી છે. દર મહિને વધારો કરવાના પરિણામ સ્વરુપે આના પર સબસિડી ખુબ ઓછી રહી ગઈ છે. સરકારી અને ઈન્ડસ્ટ્રી સૂત્રોનું કહેવું છે કે, હાલમાં કેટલાક રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. એવો અંદાજ મુકવામાં આવી રહ્યો છે કે, ડીઝલને અંકુશમુક્ત કરવાથી ચૂંટણી પરિણામો ઉપર અસર થશે કે કેમ.

સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, જો આંતરરાષ્ટ્રીય માર્કટમાં તેલની કિંમત ઘટે છે અને રૂપિયામાં થોડોક સુધારો થશે તો આ મહિનાથી વધારે આવક થવા લાગશે. આનો સીધો ફાયદો ગ્રાહકો ઉપર થશે. ઓઈલ કિંમતોની સમીક્ષા માટે ૧૫મી સપ્ટેમ્બરે બેઠક યોજાનાર છે. ડીઝલની કિંમત અંગે નિર્ણય કરવાની કામગીરી સરકારની છે. કારણ કે આ રેગ્યુલેટેડ ફ્યુઅલ છે. આજે બેંચમાર્ક ક્રૂડની કિંમત ૯૯.૫૯ ડોલર પ્રતિડોલર થઈ હતી જે ૧૪ મહિનામાં સૌથી ઓછી સપાટી છે. છેલ્લા વર્ષે જૂન બાદ પ્રથમ વખત ઓઈલની કિંમતો ૧૦૦ ડોલરથી નીચે પહોંચી છે. ચીન અને અન્ય કેટલાક દેશોમાં ઓઈલની કિંમત ઘટી રહી છે. ડીઝલની કિંમતને લઈને છેલ્લા ઘણા સમયથી ચર્ચા વિચારણાનો દોર ચાલી રહ્યો છે. વિધાનસભાની ચૂંટણી પણ નજીક પહોંચી છે. મહારાષ્ટ્ર અને હરિયાણામાં વિધાનસભાની ચૂંટણી ટૂંક સમયમાં જ યોજાનાર છે.

વ્હાઇટ હાઉસમાં બેઠકને લઇને ભારે ઉત્સુકતા

મોદી ૨૯-૩૦ સપ્ટેમ્બરે બરાક ઓબામાને મળશે

નવી દિલ્હી,તા. ૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૯ અને ૩૦મી સપ્ટેમ્બરના દિવસે અમેરિકી પ્રમુખ બરાક ઓબામા સાથે વાતચીત કરશે. આ વાતચીત વ્હાઈટ હાઉસમાં યોજાનાર છે. આ વાતચીત પર વિશ્વની નજર કેન્દ્રિત રહેશે. અમેરિકી અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે બેઠક માટેની તારીખ ૨૯-૩૦ સપ્ટેમ્બર રહેશે. મે મહિનામાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ઐતિહાસિક જીત મેળવ્યા બાદ નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા હતા. વ્હાઈટ હાઉસ દ્વારા જારી કરવામાં આવેલી યાદી મુજબ આ વાતચીત બન્ને દેશોના સંબંધોને વધારે મજબુત બનાવશે. બન્ને દેશો વચ્ચેના વ્યુહાત્મક સંબંધોને લઈને હમેંશા ચર્ચા રહી છે. નરેન્દ્ર મોદીની આ પ્રથમ અમેરિકી યાત્રા રહેશે. વર્ષો સુધી નરેન્દ્ર મોદીને અમેરિકા દ્વારા વીઝા આપવામાં આવ્યા ન હતા. બન્ને દેશો અને વિશ્વને લાંબા ગાળે ફાયદો કરાવે તેવી બાબત પર ખાસ ચર્ચા

કરાશે.આર્થિક વિકાસને વધારવા, સુરક્ષા સહકાર કરવા અને અન્ય ક્ષેત્રોમાં સહકારને વધારવા સહિતના મુદ્દા પર ચર્ચા કરવામાં આવનાર છે. અફઘાનિસ્તાન, સિરિયા અને ઈરાકમાં વર્તમાન વિકાસ સહિત પ્રાદેશિક મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.તમામ અશાંત દેશોમાં સારા પરિણામ કઈ રીતે મેળવી શકાય છે તે મામલે પણ ચર્ચા કરવામાં આવનાર છે. વ્હાઈટ હાઉસે કહ્યું છે કે બન્ને દેશોના નાગરિકો અને વિશ્વના લાભ માટે આપવામાં આવેલા વચનોને પૂર્ણ કરવા નરેન્દ્ર મોદી સાથે કામ કરવા ઓબામા તૈયાર છે. અગાઉના જ્યોર્જ બુશ વહીવટીતંત્ર દ્વારા વર્ષ ૨૦૦૫માં નરેન્દ્ર મોદીને વીઝા આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો હતો. ગુજરાતના મુખ્યપ્રધાન હતા ત્યારે કોમી રમખાણને રોકવા દરમિયાનગીરી નહી કરવાનો તેમના પર આક્ષેપ કરવામાં આવ્યો હતો.અમેરિકાએ હાલમાં તેની નિતી બદલી હતી અને મોદીનુ સ્વાગત કરવા તૈયારી બાતાવી હતી. હવે અમેરિકી તંત્રે કહ્યું છે કે મોદી અમેરિકામાં પહોંચે તેને લઈને તેમને કોઈ વાંધો નથી. અમેરિકાના વિદેશ પ્રધાન અને સંરક્ષણ પ્રધાન પહેલાથી જ મોદીને મળવા ભારત આવી ચુક્યા છે.

ગેરકાયદે બોલિંગ બદલ અંતે સઇદ અજમલ ઉપર પ્રતિબંધ

કેન્ડી,તા. ૯

પાકિસ્તાનના બોલર સઈદ અજમલ ઉપર શંકાસ્પદ બોલિંગ એક્શનના કારણે પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. આ પ્રતિબંધ તાત્કાલિક અસરથી અમલી બનાવવામાં આવ્યો છે. આઈસીસીએ ચુકાદો આપતા કહ્યું છે કે, સઈદ અજમલ પ્રતિબંધ મુકાયા બાદ એક વર્ષ સુધી બોલિંગ કરી શકશે નહીં. ગેરકાયદે બોલિંગ એક્શન બદલ તેની સામે કાર્યવાહી કરવામાં આવી છે. આઈસીસીએ

નિવેદન જારી કરીને કહ્યું છે કે, ચકાસણી કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યું છે કે, તેના તમામ બોલ ગેરકાયદે દેખાયા છે જેથી ૨૦૧૫ વર્લ્ડકપ ઉપર ભાગ લેવા ઉપર પાણી ફરી વળ્યું છે. બ્રિસ્બેનમાં ક્રિકેટ ઓસ્ટ્રેલિયાની હાઈટેક નેશનલ ક્રિકેટ એકેડેમી ખાતે આઈસીસીના અધિકારીઓ દ્વારા ૩૭ વર્ષીય બોલરની બોલિંગ એક્શનમાં ચકાસણી કરાઈ હતી. પાકિસ્તાનના ઓફ સ્પિનર સઈદ અજમલના બોલિંગ એક્શનમાં સ્પષ્ટ શંકા દેખાઈ આવી છે. નિયમ મુજબ આવા ખેલાડીઓને તાત્કાલિક અસર સાથે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી દૂર કરવામાં આવે છે. આઈસીસી દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં આજે આ મુજબની વાત કરવામાં આવી હતી. ચકાસણીમાં જાણવા મળ્યું છે કે, તેના તમામ બોલ ૧૫ ડિગ્રીના લેવલથી વધારે દેખાયા છે. જે નિયમ મુજબ ગેરકાયદે છે. જો કે, સઈદ અજમલ આ ચુકાદા સામે અપીલ કરી શકશે. નેશનલ ક્રિકેટ સેન્ટર ખાતે બોલિંગ એક્શનની ચકાસણી કરવામાં આવી હતી. ગયા મહિને શ્રીલંકામાં પ્રથમ ટેસ્ટ મેચ બાદ તેના બોલિંગ એક્શનને લઈને પ્રશ્નો ઉઠ્યા હતા તે બીજી ટેસ્ટ મેચમાં રમ્યો હતો પરંતુ ઓસ્ટ્રેલિયામાં રમ્યો ન હત.બોલિંગ એક્શનમાં સુધારો કર્યા બાદ સઈદ ફેર મુલ્યાંકન માટે અરજી કરી શકશે.ભૂતપૂર્વ પાકિસ્તાની બોલર સઈદ અજમલને પાકિસ્તાનના પૂર્વ બોલર સકલીન મુસ્તાકે ટેકો આપ્યો છે અને મદદ કરવાની ખાતરી આપી છે.

જગુઆરની સૌથી સસ્તી કાર બ્રિટનમાં આખરે લોંચ થઈ

નવીદિલ્હી,તા. ૯

બ્રિટીશ લકઝરી કાર બનાવતી મહાકાય કંપની જગુઆરે હજુ સુધીની તેની સૌથી સસ્તી કાર લોંચ કરી દીધી છે. મહિલાઓ અને યુવા

પેઢીને ટાર્ગેટ બનાવીને આ નવી કાર લોંચ કરવામાં આવી છે. જગુઆર એક્સઈ સ્પોર્ટ્સ સેડાન કારની કિંમત બ્રિટનમાં ૨૭૦૦૦ પાઉન્ડ રાખવામાં આવી છે. એક્સઈ સિરીઝમાં આ પ્રથમ મોડલ છે. સ્પોર્ટ્સ યુટિલીટી વ્હીકલ (એસયુવી) હવે મેદાનમાં આવે તેવી શક્યતા છે. જગુઆરે પાંચ વર્ષના લાંબાગાળા બાદ એન્ટ્રી લેવલના લકઝરી માર્કેટમાં એન્ટ્રી કરી લીધી છે. જગુઆર એક્સઈ બીએમડબલ્યુ ત્રણ સિરિઝને પડકાર ફેંકવા તૈયાર છે. તેની કિંમત બ્રિટનમાં ૨૩૫૫૦ પાઉન્ડ છે. આ ઉપરાંત ઓડી અને મર્ઝિડિઝ બેંજ મોડલને પણ પડકાર ફેંકે તેવી શક્યતા છે. જગુઆર લાંબા ગાળા બાદ એન્ટ્રી લેવલ લકઝરી માર્કેટમાં પ્રવેશ કરતા આવનાર દિવસોમાં કાર માર્કટમાં વધુ સ્પર્ધા થવાના સંકેત દેખાઈ રહ્યા છે. એક્સઈ સ્પોર્ટ્સ સેડાન પાંચ ડોર મોડલ છે. જગુઆરની ચોથી લોકપ્રિય ગાડી પૈકીની એક તરીકે આને ગણવામાં આવે છે. આ કાર અતિઆધુનિક ટેકનોલોજી સાથે બનાવવામાં આવી છે. આ કાર અને તેના આગામી મોડેલો પેરિસ મોટર શોમાં ઓક્ટોબર મહિનામાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. જગુઆરમાં બે અબજ પાઉન્ડનું મૂડીરોકાણ આવનાર દિવસોમાં કરવામાં આવનાર છે. જગુઆરની આક્રમક યોજનાને લઈને અન્ય લકઝરી કાર કંપનીઓમાં પણ તીવ્ર સ્પર્ધા શરૂ થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. ખાસ કરીને ઓડી અને બીએમડબ્યુ કાર સામે વધારે પડકાર ઉભા થયા છે. જગુઆર બ્રિટનમાં સૌથી લોકપ્રિય કાર બનાવતી કંપનીઓ પૈકીની એક તરીકે ઉભરી ચુકી છે. બીએમડબલ્યુ અને ઓડી સાથે તેની સીધી સ્પર્ધા બજાર કિંમતોને લઈને પણ થવાની શક્યતા દેખાઈ રહી છે. જગુઆરની આ કાર ભારતમાં પણ ટૂંકમાં લવાય તેવી શક્યતા છે.

યુએસ ઓપન : મરિન ચિલિચે પુરૂષોનો સિંગલ્સ તાજ જીત્યો

ન્યુયોર્ક,તા. ૯

ક્રોએશિયાના મરિન ચિલિચે વર્ષની અંતિમ ગ્રાન્ડ સ્લેમ યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં પુરૂષોની સિંગલ્સ સ્પર્ધા જીતીને નવો ઈતિહાસ રચ્યો છે. તે ગ્રાન્ડ સ્લેમ જીતીને હવે ચર્ચામાં આવી ગયો છે. તે પોતાની કેરિયરમાં પ્રથમ ગ્રાન્ડ સ્લેમ જીતી જવામાં સફળ રહ્યો છે.

ગઈકાલે રાત્રે ન્યુયોર્કમાં રમાયેલી ફાઈનલ મેચમાં ૧૪મા ક્રમાકિત ખેલાડી ચિલિચે જાપાનના ૧૦મા ક્રમાંકિત ખેલાડી કેઈ નિશિકોરી પર ૬-૩,૬-૩ અને ૬-૩થી જીત મેળવી

હતી. બન્ને ખેલાડી પ્રથમ વખત ગ્રાન્ડ સ્લેમની ફાઈનલમાં રમી રહ્યા હતા. સેમીફાઈનલ મેચમાં નિશિકોરીએ નોવાક જોકોવિક પર અને ચિલિચે રોજર ફેડરરને હાર આપીને મોટો અપસેટ સર્જયો હતો. વર્ષ ૨૦૦૫ બાદ એક દશકના લાંબા ગાળા બાદ મોટી સ્પર્ધાની ફાઈનલ મેચ ફેડરર, જોકોવિક અથવા તો નડાલ કોઈ એક વગર રમાઈ હતી. જાન્યુઆરી ૨૦૦૫માં આવી ઘટના બની હતી. જ્યારે મરાઠ સાફિને હેવિટ પર જીત મેળવી હતી. આ ત્રિપુઠી મળીને છેલ્લી ૩૮ ગ્રાન્ડ સ્લેમ પૈકી ૩૪ જીતી ચુકી છે. ગુરૂવારે રાત્રે ફેડરર શરૂઆતના બે સેટ હારી ગયા બાદ જોરદાર વાપસી કરીને ક્વાર્ટર ફાઈનલમાં મોનફિલ્સ પર જીત મેળવી હતી. બીજી બાજુ ચિલિચે વર્ષ ૨૦૧૦માં છેલ્લે કોઈ મોટી ટ્રોફીમાં સેમીફાઈનલમાં રમ્યો હતો. હેડ ટુ હેડ રેકોર્ડની વાત કરવામાં આવે તો ફેડરરની ચિલિચ પર ૫-૦ની મેચ પહેલા લીડ હતી. જ્યારે નિશિકોરી વર્ષ ૧૯૩૩ બાદ ગ્રાન્ડ સ્લેમની ફાઈનલમાં પહોંચનાર પ્રથમ જાપાની ખેલાડી છે. આ વખતે યુએસ ઓપનમાં પ્રથમ વખત નવો ખેલાડી ચેમ્પિયન બન્યો હતો. મોટા ભાગે ગ્રાન્ડ સ્લેમમાં નોવાક જોકોવિક, રોજર ફેડરર અને રાફેલ નડાલ છવાયેલા રહે છે.

Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

મારાં લગ્ન બાદ તેઓ એકાકી બની ગયાં છે. એમનાં જિંદગીનું મિશન પતી ગયું છે. વિશ્વાસ રાખો મેં વિનયને સમજાવ્યાં. થોડા દિવસ એમને આપણાં ઘરે લઈ આવીએ, કયારેક આપણે બંને ત્યાં રહીશું. પણ એમને કેવો જવાબ આપ્યો, 'આધારની ટેવ ના પાડીશ, વર્તમાન સ્વીકારવાની એમને તૈયારી કરવા દે' ઉપરથી તમને વિનય બહુ સમજદાર લાગશે પણ ખુબ જીદ્દી અને ડોમિનેટિંગ છે એવું સમજવા તો તમારે એની સાથે સંસાર કરવો પડે!

આપણને લાગે કે ઝઘડાખોર નથી. ના ઝઘડતો નથી, ઝઘડો તો શબ્દોમાં હોય. આતો આઠ દિવસના અબોલા લઈ લે. છેલ્લે મારે જ સોરી કહીને પતાવવું પડે. મને કાયમ ઉપદેશ આપે કયારેય તો સત્યનારાયણની કથા વાંચ. એકાદો અપવાસ તો કર... મને મારી સ્પિરિચ્યુઅલ લાઈફ મને મારી રીતે જીવવા દે. હું કેટલી સંસ્થામા દાન કરું છું એની પાવતી બતાવી શકું એમ છું. સિરિયલની સાવિત્રી જેવું હું જીવી નહીં શકું...'

વિણાને દેવીબેન મળ્યા નથી, પણ ધારો કે એણે આવીને આવું કીધું હોત તો... તરત નિર્ણયનો લોલક બીજી દિશામાં ગયો હોય એ સમજી શકાય. પણ ટ્યુનિંગ દરેક સંબંધમાં જોઈએ, અને એનો સૂર મળવો જોઈએ તો જ મહેફિલ જામે, એમ કહી દેવીબેન વિનય-વિણાનું ટ્યુનિંગ જામેની પ્રાર્થના કરતાં હતા.

ચૂંટલો :

'ટ્યુનિંગ' પહેલાં જાત સાથે જોઈએ, પછી મન સાથે અને પછી માનવીઓ સાથે. જેમ રિયાઝથી મહેફિલ જામે છે અને મનમેળથી સંસાર જામે છે અને બોલી ઉઠાય, 'વાહ, કયાં ટ્યુનિંગ હૈ' સંસારને સાચવી લેવાનું ટ્યુનિંગનું બટન શોધી લેવાની જરૂરી છે.

કોલસા બ્લોક ફાળવણી કેસમાં સુપ્રીમ કોર્ટનો ચુકાદો અનામત

નવી દિલ્હી,તા. ૯

સુપ્રીમ કોર્ટે કોલસા બ્લોક ફાળવણી કેસમાં તેનો ચુકાદો આજે અનામત રાખ્યો હતો. જો કે, આ કેસમાં તેનો ચુકાદો ક્યારે જાહેર કરવામાં આવશે તે અંગેની કોઈ તારીખ જાહેર કરવામાં ન આવતાભારે સસ્પેન્સની સ્થિતિ સર્જાઈ ગઈ છે. અગાઉ દિવસમાં સ્ટીલ અને પાવર નિર્માતાઓ જ્યુડિશિયલ ફેક્ટફાઈન્ડિંગ પેનલની નિમણૂંક કરવાની માંગ કરી હતી. આજે જોરદાર દલીલો થઈ હતી જે દરમિયાન કેન્દ્ર સરકારે કહ્યું હતું કે, તે એવા કોલસા બ્લોકની ફાળવણીને રદ કરવાની તરફેણમાં છે જેને ગયા મહિને સુપ્રીમ કોર્ટ દ્વારા ગેરકાયદે જાહેર કરવામાં આવી ચુક્યા છે. કેન્દ્ર સરકાર તરફથી ઉગ્ર રજૂઆતો કરવામાં આવી હતી. સુપ્રીમ, સરકારે કહ્યું હતું કે, કોલસા બ્લોકની ફાળવણીને લઈને ગૂંચવણ દૂર થાય તે જરૂરી છે. ઉપરાંત સુપ્રીમ કોર્ટ દ્વારા ગયા મહિને જે ફાળવણીને ગેરકાયદે ગણવામાં આવી હતી તેને રદ કરવા સામે સરકારને કોઈ વાંધો નથી. કોલસા બ્લોકને રદ કરવા જોઈએ કે કેમ તેને લઈને આજે નિર્ણય થનાર હતો પરંતુ સુપ્રીમ કોર્ટે કોલસા બ્લોક ફાળવણીના મામલામાં તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. સુપ્રીમ કોર્ટના ચુકાદા ઉપર તમામની નજર હતી. સરકારે તેના વલણ ઉપર વાત કરતા કહ્યું હતું કે, ૪૬ એવા કોલસા બ્લોક છે જે ઓપરેશનમાં છે અથવા તો ટૂંકમાં ઓપરેશન શરૂ કરનાર છે એવા કોલસા બ્લોકને જાળવી રાખવામાં આવે તે જરૂરી છે. કેન્દ્ર સરકારે તેમની દલીલમાં કહ્યું હતું કે, ૪૦ બ્લોક જે ઓપરેશનમાં છે અથવા તો હરાજી સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવનાર છે તે અંગે પણ વહેલી તકે નિર્ણય લેવામાં આવે તે જરૂરી છે. બીજી બાજુ જેને કોલસા બ્લોકની ફાળવણી કરવામાં આવી હતી તે કંપનીઓએ તેમની વાત સાંભળ્યા વગર ફાળવણી રદ ન કરવા સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી. સુપ્રીમ કોર્ટે ૨૫મી ઓગસ્ટના દિવસે જાહેરાત કરી હતી કે, વર્ષ ૧૯૯૩થી વર્ષ ૨૦૧૦ વચ્ચેના ગાળામાં કોલસા બ્લોકની સમગ્ર ફાળવણી ગેરકાયદે છે. સુપ્રીમ કોર્ટના આ આદેશથી ૧૯૯૩બાદથી ૧૯૪ કોલસા બ્લોકની ફાળવણીને અસર થઈ શકે છે.

કોંગીમાં મતભેદને દૂર કરવા શનિવારે મહત્વની બેઠક થશે

નવી દિલ્હી,તા. ૯

રાહુલ ગાંધીની તરફેણ કરનાર કોંગ્રેસના નેતાઓ હવે રાહુલની સ્થિતિને મજબુત કરવાના પ્રયાસમાં લાગી ગયા છે. કોંગ્રેસના સીનિયર નેતાઓ અને યુવા નેતાઓ વચ્ચે મડાગાંઠને દૂર કરવાના હેતુસર શનિવારના દિવસે વાતચીત યોજાનાર છે. આ વાતચીતમાં અન્ય શ્રેણીબદ્ધ પાસાઓ ઉપર પણ ચર્ચા કરવામાં આવશે. નરેન્દ્ર મોદી સરકાર કેન્દ્રમાં ૧૦૦ દિવસ પુરા કરી ચુકી છે. આવી સ્થિતિમાં કેન્દ્ર સરકાર ઉપર જે મુદ્દાઓને લઈને પ્રહાર કરી શકાય તે મુદ્દાઓ તૈયાર કરવામાં આવશે. એઆઈસીસીના યુવા નેતાઓની આ બેઠક મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. શનિવારના દિવસે આ બેઠક યોજાનાર છે. સુત્રોએ માહિતી આપતા

કહ્યું છે કે, શનિવારે સેક્રેટરીઓની બેઠક મળશે. એવો દાવો પણ કરાયો છે કે, બેઠકમાં સામેલ થનારાઓની સંખ્યા ખૂબ મોટી હોઈ શકે છે. રાહુલ ગાંધીની ટીકા કરવા બદલ સીનિયર નેતાઓનો મુદ્દો પણ આમાં ચગાવવામાં આવે તેવી શક્યતા છે. આગામી પેઢીના નેતાઓ અને જુના નેતાઓ વચ્ચે મતભેદો સ્પષ્ટપણે હાલમાં સપાટી પર આવ્યા છે. કેટલાક રાજ્યોમાં વિધાનસભાની ચુંટણી નજીક આવી પહોંચી છે. જેના માટે પણ મુદ્દાઓ તૈયાર કરવામાં આવશે. સુત્રોનું કહેવું છે કે મોદી સરકારના ૧૦૦ દિવસને લઈને ખાસ ચર્ચા આમાં થશે. તાજેતરમાં યોજાયેલી લોકસભાની ચુંટણીમાં કોંગ્રેસની કારમી હાર થઈ હતી. કોંગ્રેસને ૫૦ બેઠકો પણ મળી શકી નહતી. જ્યારે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપે જોરદાર સપાટો બોલાવીને ઈતિહાસ સર્જયો હતો અને મોટાભાગની બેઠકો જીતી લીધી હતી. સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં જોરદાર પ્રચંડ બહુમતિ સાથે મોદી સરકાર કેન્દ્રમાં સત્તા પર આવી છે. વિધાનસભાની ચુંટણીના ભણકારા વાગી રહ્યા છે ત્યારે કોંગ્રેસમાં મતભેદો સ્પષ્ટપણે સપાટી પર આવ્યા છે.

નવાં ક્લેવર (પાના નં. ૪ નું ચાલુ)

કંઇક ગોટાળો છે. કોકની સાથે લગ્ન કરી લીધાં હશે. જે માંની સેવા કરે, ખેતીવાડી સાચવે અને વંશવેલો આગળ વધારે. બાકી સારી છોકરી એને ક્યાંથી મળે.

શ્રેયા મેમ વચ્ચે બોલ્યાં, 'ભાસ્કર સરને સારી છોકરી કેમ ન મળે.'

મળે પણ ખરી, હમણાં છાપામાં વાંચેલું કે આજકાલની છોકરીઓ ને પતિ નહીં સારું પેકેજ જોઇએ છે... ભાસ્કર ગમે તેવા હોય પેકેજ તો સારું કહેવાય.

અનુમાન ન કરો, ભાસ્કર સરને આવવા દો. એટલે ખબર પડી જશે. બીજે અઠવાડિયે તો ભાસ્કર સર આવી ગયા. હંસીને બધાં અધ્યાપક મિત્રોને કહ્યું 'માફ કરજો, હું તમને લગ્નમાં બોલાવી ન શક્યો. માંની ઇચ્છા હતી કે ગામડે લગ્ન કરવું. ત્યાં રસ્તાને લાઇટની બહુ તકલીફો છે.'

'અમે તકલીફ ભોગવી લેત. પણ તમે તો અમને બોલાવ્યા જ નહીં. હવે પાર્ટી ક્યારે આપો છો?'

'તરુલતા આવે એટલે. તે આવી નથી. લગ્નમાં તેણે વધારે રજા લીધેલી. તેને જોઇન કરવાનું હતું.'

અધ્યાપકો ચોંકી ગયા.

'જોબમાં?'

'એ ઇન્કમટેક્સ ઓફિસર છે.'

અંદરોઅંદર ગણગણાટ થયો. કેવો ફેંકે છે. આપણે આપણાં ફીટ છીએ છતાં અધિકારી પત્ની નથી મળી. તેને આઇ.ટી.ઓ.ની કોઇ પટાવાળી મળી હશે.

'અમદાવાદ'

'ભાસ્કરભાઇ તમે ખુબ હસમુખા છો. શું તરુલતા બહેનનો સ્વભાવ પણ એવો જ છે?'

'એટલે તો મેં પસંદ કરી છે.'

લ્યો કરો વાત આ તો પસંદ ના પસંદનો પણ દાવો કરે છે'

'મેડ ફોર ઇચ અધર' શું તરુલતા બહેનને મગોડીમાં રહેવું ગમેલું? આટલા મોટા ઓફિસર અને...'

તે મગોડીમાં આઠ દિવસ રહી. વીજળી નહોતી પણ તેના કારણે તે પરેશાન થઇ નહીં. કે ગામડાંના રીતરિવાજો સામે તેને કોઇ વાંધો નહોતો.'

(ક્રમશઃ)

હરિયાણા અને મહારાષ્ટ્રમાં ચૂંટણી કાર્યક્રમ ટુંકમાં જાહેર

નવી દિલ્હી,તા. ૯

હરિયાણા અને મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની આ સપ્તાહમાં જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. ચૂંટણી પંચ દ્વારા તમામ તૈયારી કરી લેવામાં આવી છે. બન્ને રાજ્યોમાં ઓક્ટોબરના મધ્યમાં એક જ તબક્કામાં મતદાન યોજાય તેવી શક્યતા છે. સુત્રોએ સંકેત આપ્યો છે કે શુક્રવાર સુધી તારીખોની જાહેરાત કરી દેવામાં આવસે. સંપૂર્ણ ચૂંટણી પંચ દ્વારા આજે મળનારી બેઠકમાં બન્ને રાજ્યો માટે તારીખ નક્કી કરી લેવામાં આવે તેવી શક્યતા છે. સોમવારના દિવસે ચૂંટણી પંચે કહ્યું હતું કે આજે આક બેઠકનુ આયોજન કરવામાં આવ્યું છે. બન્ને રાજ્યોમાં પ્રવર્તમાન સંજોગો પર વિચારણા ચાલી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે હરિયાણામાં વિધાનસભાની અવધિ ૨૭મી ઓક્ટોબરના દિવસે પૂર્ણ થઈ રહી છે. જ્યારે મહારાષ્ટ્રમાં અવધિ આઠમી નવેમ્બરના દિવસે પૂર્ણ થઈ રહી છે. બન્ને રાજ્યો માટે ચૂંટણી કાર્યક્રમને તૈયાર કરવાની કવાયત છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહી છે. ૨૦મી ઓક્ટોબર પહેલા મતગણતરી હાથ ધરવાની યોજના રહેલી છે. હરિયાણામાં સરકારની રચના કરવા માટે એક સપ્તાહનો સમય આપવામાં આવનાર છે. જાહેરાત અને મતદાન વચ્ચે એક મહિનાનો ગાળો રહેશે.એવુ પણ જાણવા મળ્યું છે કે આ વખતે આંચારસહિતાને અમલી બનાવવા માટેનો ગાળો ખુબ ઓછો રહેશે. એકબાજુ ભાજપ લોકસભાની ચૂંટણીમાં જેવો દેખાવ કરવામાં આવ્યો હતો તેવો જ દેખાવ કરવા માટે આશાવાદી છે. જ્યારે કોંગ્રેસ બન્ને રાજ્યો મહારાષ્ટ્ર અને હરિયાણામાં સત્તા જાળવી રાખવા માટે પ્રયાસ કરે તેવી શક્યતા છે. બન્ને પક્ષો પોત પોતાની તૈયાર છેલ્લા કેટલાક દિવસથી કરી ચુક્યા છે. બન્ને પક્ષો આક્રમક રણનિતી તૈયાર કરી ચુક્યા છે.

સમાચાર ઝલક

- **પાવાગઢ : ભારે વરસાદ અને તળાવો છલકાતા મહાકાળી મંદિર બંધ કરાયું.**
- **રાજકોટ : કૂવામાંથી ૧૫ વર્ષની તરૂણીની લાશ મળી આવી.**
- **મહેમદાવાદનાં ૬૮ પ્રવાસીઓ જમ્મુની હોટેલમાં સલામત.**
- **વસિમ અકરમ બનાવનો છે પિતા અગાઉ અકરમને છે બે પુત્રો.**
- **વડોદરા-હાલોલ એક્સપ્રેસ હાઈવે પર પાણી ફરી વળ્યા વાહન વ્યવહાર ઠપ્પ.**
- **શાસ્ત્રીને ૧.૫ કરોડ રૂપિયાનો પગાર અપાશે વર્લ્ડકપ સુધી કરાર લંબાવાશે.**
- **જામનગર જિલ્લામાં મેઘાડંબર વચ્ચે અવિરત ઝરમર વરસાદ.**
- **ઓખાના દરિયામાં બોટમાં ફસાયેલા ૭ ખલાસીને બચાવી લેતું કોસ્ટ ગાર્ડ.**
- **હાપા માર્કેટીંગ યાર્ડની ૧૪ બેઠકો માટે ૪૩ ફોર્મ ભરાયા.**
- **વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૫માં શિકાગોના રોકાણકારોને રસ.**